# મહાશિવરાત્રીએ પરંપરાગત મેળાઓમાં માનવ મહેરામણ ઉમટયો

## પંચદેવ મંદિરે ભરાયેલા મેળામાં સીએનજી રીક્ષા આકારના ચકડોળે બાળકોને લોભાવ્યા : બ્રહ્માકુમારીઝ દ્વારા શિવનું રૂપ ધારણ કરેલ વ્યકિતએ અનોખું આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા.૨૭

આજે મહાશવરાત્રી પર્વ નિમિત્તે ગાંધીનગર તેમજ આસપાસના મહાદેવ મંદિરોમાં પરંપરાગત રીતે યોજાતા લોક મેળામાં ભાવિક ભકતો ઉત્સાહપૂર્વક ઉમટી પડયા હતા. સેકટર-૨૨ ખાતેના પ્રખ્યાત પંચદેવ મંદિર અને ધોળેશ્વર ખાતેના ધોળેશ્વર મહાદેવના મંદિરે પણ લોકોએ મેળાનો ભરપુર આનંદ ઉઠાવ્યો હતો. આ ઉપરાંત વાસણીયા મહાદેવ, લીંબડીયાના પંચેશ્વર મહાદેવ અને સરઢવના મુખેશ્વર મહાદેવ ખાતે પણ મેળા ભરાયા હતા.


ભારતીય સંસ્કૃતિમાં લોકમેળાનું એક વિશેષ સ્થાન છે અને ગુજરાતમાં લોક મેળા એક આગવી ઓળખ ધરાવે છે. મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે રાજયભરમાં શિવ મંદિરોએ મેળા યોજવાની એક પ્રાચિન પ્રથા ચાલી આવે છે. જેમાં સૌરાષ્ટ્રના જૂનાગઢ ખાતે ગીરનારની તળેટીમાં મહા શિવરાત્રીએ ભરાતો ભવનાથનો મેળો ખૂબ જ લોકપ્રિય હોવાની સાથે સાથે અનોખું ધાર્મિક મહત્વ પણ ધરાવે છે. ગાંધીનગર શહેરમાં અને આસપાસના વિસ્તારના શિવ મંદિરોમાં યોજાતા મેળાઓ ખૂબ જ લોકપ્રિય છે.

ગાંધીનગરનાં સૌથી જૂના પંચદેવ મંદિર ખાતે આજે મહાશિવરાત્રીએ યોજાયેલા મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડયો હતો. શહેરના દરેક સેકટરના નાગરિકો ઉપરાંત આજુબાજુના ગામોના લોકો પણ આ મેળાનો આનંદ લૂંટવા આવી પહોંચ્યા હતા તેમજ લોકોએ ભોળાનાથ શિવજીના દર્શનનો લાભ પણ લીધો હતો. આ મેળામાં મનોરંજનના અનેક આકર્ષણો પણ મોજૂદ હતા. જેમાં નાના-મોટા ચકડોળ, જાદુના ખેલ સહિત નાસ્તા પાણીના સ્ટોલ અને મોબાઈલ કવરથી માંડીને વાસણો સુધીના વવિધ ચીજ વસ્તુઓના સ્ટોલ અને પાથરણાએ આકર્ષણ જમાવ્યું હતું. આ વખતે અનોખી સીએનજી રીક્ષાના સ્વરૂપની ચકરડીએ બાળકો સહિત મોટેરાઓનું પણ મન લોભાવ્યું હતું. પંચદેવ મંદિર અને નજીકમાં આવેલ વૈજનાથ મહાદેવ મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યા હતા અને પંચદેવ મંદિરના પ્રાંગણમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા શિવજીનું રૂપ ધારણ કરીને બેઠેલા એક વ્યકિત અને શિવલિંગે લોકોનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું. આ મેળામાં બપોર પછી ખાસ્સી ભીડ ઉમટી પડી હતી ત્યારે કેટલાક ખીસ્સા કાતરુઓ અને ઉઠાવગીરોએ પણ ભરચક મેદનીનો લાભ ઉઠાવી પોતાના હાથ સાફ કર્યા હતા. અમદાવાદથી ખાસ આ મેળો માણવા આવેલ દંપતિનો મોબાઈલ ચોરાતા તેઓ નિરાશ થઈ મેળો માણ્યા વગર તુરંત જ પાછા વળી ગયા હતા.

પંચદેવ મંદિર ઉપરાંત ગાંધીનગરની પાદરે આવેલા ધોળેશ્વર મંદિરે પણ પરંપરાગત રીતે ભરાતા મેળામાં ભાવિકજનો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. અહીં લોકોએ શેરડી, બોર અને ઠંડા પીણા દ્વારા મેળાનો આનંદ ઉઠાવ્યો હતો. ધોળેશ્વરના મેળામાં કુડાસણ, રાયસણ, કોબા, ધોળાકુવા, શાહપુર, પોર, સરગાસણ, રાંદેસણ સહિત અનેક ગામોના લોકો ઉમટી પડયા હતા.

ગાંધીનગરની નજીક વાસણીયા મહાદેવ, લીંબડીયાના પંચેશ્વર મહાદેવ, સરઢવના મુખેશ્વર મહાદેવ અને કલોલના કપિલેશ્વર મહાદેવ મંદિરે પણ મેળા ભરાયા હતા. નારદીપુરના લંબેશ્વર મહાદેવે લંબેશ્વર મહાદેવના મંદિરે લઘુરુદ્ર અભિષેક યોજાયો હતો.









ઘ-રોડ નગરનો મુખ્ય રોડ, જયાં રોજ રોજ બધા મંત્રીઓ-સંત્રીઓ પસાર થાય છે. છતાં ઘ-૫ પાસે ફૂટપાથ પર પાથરણું પાથરીને વસ્ત્રો વેચનારાઓ પર નજર પડતી નથી કે મીઠી નજર એ તો અધિકારીઓ જ જાણે. જાહેર રસ્તા પર ધંધો કરતા ફેરીયાઓ બેરોકટોક શોપિંગ સેન્ટરોમાં તો વેપાર કરે જ છે. હવે તો મુખ્ય રસ્તાઓ પર પણ? (તસ્વીર : કશ્યમ નિમાવત)

# રાજયનાં વધુ ૨૧ પી.આઈ.ની જિલ્લા ફેર આંતરિક બદલીઓ

## ગાંધીનગરમાંથી બી.સી. ઠક્કર સુરત ગ્રામ્યમાં ગયા અને ખેડાથી એન.એસ. મલિક ગાંધીનગર આવ્યા

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજય પોલીસ વડા દ્વારા રાજયના વધુ ૨૧ પોલીસ ઈન્સ્પેકટર્સની જિલ્લા ફેર બદલીઓના આદેશ જારી કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા એક પી.આઈ.ની સુરત ગ્રામ્યમાં બદલી થવા પામી છે જયારે ખેડા જિલ્લાથી એક પી.આઈ.ની ગાંધીનગર જિલ્લામાં બદલી કરાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા પી.આઈ. બી.સી. ઠકકરને સુરત ગ્રામ્યમાં, ખેડાથી પી.આઈ. એન.એસ. મલીકને ગાંધીનગર જિલ્લામાં બદલી કરવામાં આવી છે તે ઉપરાંત આણંદથી આર.કે. ચાવડાને વડોદરા શહેર, દાહોદથી ડી.કે. ભોઈને વડોદરા શહેર, નવસારીથી પી.યુ. ખેતરીયાને જુનાગઢ, બનાસકાંઠાથી બી.એલ. પાટીલને ખેડા, બનાસકાંઠાથી ડી.આર. વાઢેરને બોટાદ, સુરેન્દ્રનગરથી સી.બી. પટેલને અમદાવાદ શહેર, એમ.એસ. સિધ્ધાને સ્ટેટ કંટ્રોલ, રાજકોટ ગ્રામ્યથી આર.આર. વસાવાને અમદાવાદ શહેર, અમરેલીથી આર.પી. ગૌતમને જુનાગઢ, કચ્છ પશ્ચિમથી જે.એચ. ઝાલાને દેવભૂમિ દ્વારકા, સુરત શહેરથી કે.એચ. ચૌધરીને સ્ટેટ કંટ્રોલ, સી.આઈ.ડી. ક્રાઈમથી બી.જી. સરવૈયાને ગીર સોમનાથ, એ.સી.બી.થી ડી.એચ. દેસાઈને અમદાવાદ શહેર, વડોદરાથી પી.આર. રાઠોડને પંચમહાલ, પંચમહાલથી કે.પી. મકવાણાને વડોદરા શહેર, ભરૂચથી પી.જી. પટેલને વડોદરા શહેર, મોરબીથી એ.જે. ઝાલાને વડોદરા શહેર, રાજકોટથી જે.એચ. સરવૈયાને અમદાવાદ શહેર અને આર.એફ. ગોહીલને વડોદરા શહેરમાં બદલીના આદેશ કરવામાં આવ્યા છે.

# દૂધ કટીંગ કૌભાંડમાં બનાસ ડેરીના કર્મચારીની સંડોવણી ખુલી..!

## દૂધના કન્ટેનરમાં પાંચ સીલ પૈકી ચાર સીલ મારતો હતો અને એક સીલ ક્લીનરને આપતો હતો : દૂધ કટીંગ થઈ જાય એટલે પાંચમુ સીલ ક્લીનર મારતો હતો

ગાંધીનગર, તા. ૨૭

બનાસડેરીમાંથી મધર ડેરી સુધી લઈ જવાતા દૂધ ભરેલા કન્ટેનરે રસ્તામાં ઉભી રાખી અડધોઅડધ દૂધ ચોરી લઈ તેટલુ જ પાણી ઉમેરીને આચરવામાં આવતુ કૌભાંડ બહાર આવવા પામ્યું હતું. આ ચકચારી દૂધ કટીંગ કૌભાંડમાં બનાસ ડેરીના જ એક કર્મચારીની સંડોવણી ખુલવા પામી છે. બનાસ ડેરીનો કર્મચારી જે દૂધના કન્ટેનરને સીલ મારતો હતો તે પણ આ કૌભાંડમાં સંડોવાયેલો હોવાનું બહાર આવતા તેને પકડી પાડવા અડાલજ પોલીસ દોડતી થઈ છે.

દૂધ કટીંગ કૌભાંડની તપાસ કરતાં પીએસઆઈ કે.બી. રાણાવતના જણાવ્યા પ્રમાણે બનાસ ડેરીનો કર્મચારી, જે દૂધ ભરેલા કન્ટેનરને સીલ મારતો હતો તે પણ દૂધ કટીંગ કૌભાંડમાં સંડોવાયેલો હોવાનું ખુલ્યુ છે. વડગામમાં રહેતો અને બનાસડેરીમાં નોકરી કરતો રતુ નરસિંગ ભુતડીયા નામનો શખ્સ દૂધ ભરેલા કન્ટેનરને સીલ મારીને મધર ડેરી મોકલવા રવાના કરતો હતો. રતુ નામનો શખ્સ કન્ટેનરના પાંચ સીલ પૈકી ચાર સીલ મારતો હતો અને પાંચમુ સીલ ક્લીનરને આપી દેતો હતો. ડેરીમાંથી કન્ટેનર રવાના થાય અને ખેરાલુ પાસે દૂધ કટીંગ કરીને ચોરી થઈ જાય એટલે કોઈને શંકા ન જાય તે માટે ક્લીનર તેની પાસે રહેતુ પાંચમુ સીલ મારી દેતો હતો. અડાલજ પોલીસમથકના પીએસઆઈ કે.બી. રાણાવતે રતુ ભુતડીયાની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.



ગાંધીનગર શહેરના મોકળા માર્ગો પર બેફામ ગતિએ વાહન ચલાવવાના કિસ્સાઓ અને તેને કારણે જીવલેણ અકસ્માતોના બનાવો વધી રહ્યા છે ત્યારે ગઈ મોડી સાંજે શહેરના ચ-માર્ગ પર સે. ૭/૮ ના બસસ્ટેન્ડ પાસે હોન્ડા સીટી અને ટોયોટા કંપનીની ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બન્ને ગાડીઓને ખુબ નુકશાન થયું છે. જો કે સદભાગ્યે કોઈને ઈજાઓ કે કોઈ જાનહાની થવા પામી નહતી.

# ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ૨૨મો પાટોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને વલ્લભ મેમોરીયલના ઉપક્રમે શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીના ૨૨મા પાટોત્સવની મંગલ ઉજવણી હવેલી મંદિર સે. ૨૧ ખાતે કરવામાં આવી હતી.

૨૨મો પાટોત્સવ પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હજારો વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા અને નંદઘેર આનંદ ભયો, જય કનૈયાલાલકીના નારાઓ સાથે નંદ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

તેમજ પૂજ્ય જીજીના અમૃત વર્ષ મહોત્સવના ભાગરૂપે કૃતજ્ઞના પર્વ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંતો, આચાર્યશ્રીઓ, મહાનુભાવો, સહિત મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહી પૂજ્ય જીજીનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

# સીતારામ પરિવારના ઉપક્રમે યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૧૬ના શોપિંગ સેન્ટર પાછળ બગીચામાં સીતારામ પરિવારના ઉપક્રમે તા. ૨જી માર્ચના રોજ સવારે ૫.૩૦ કલાકે યોગ શિક્ષક કાનજીભાઈ દ્વારા ડાયાબીટીશ, બી.પી., અનિદ્રા, મેદસ્વીન, સાંધાના દુખાવા જેવા રોગોથી મુકત થવા માટેની તાલીમ અપાશે. શિબિરમાં જોડાવા ઈચ્છુકોએ સેકટર-૨૪ અપના બજારની બાજુમાં સીતારમ મઢુલીએ રૂબરૂ અથવા મો. ૯૮૨૪૬૪૪૩૧૮નો સંપર્ક કરવા જણાવેલ છે.

# મેળો માણવા આવેલા અમદાવાદના દંપત્તિનો મોબાઈલ ચોરાયો

ગાંધીનગર, તા. ૨૭

પંચદેવ મંદિરે અમદાવાદથી ખાસ મેળો માણવા આવેલા એક દંપત્તિને મેળાની ભીડમાં ઘુસતાની સાથે દર્શન કર્યા પહેલા જ કોઈ ગઠીયાએ તેમનો મોબાઈલ તફડાવી લેતા તેમનો ઉત્સાહ ઓસરી ગયો હતો અને તેઓ તુરંત મેળો માણવાનું પડતું મુકીને પરત ફરી ગયા હતા. મેળાની ભીડમાં ખીસ્સા કાતરુઓ અને ઉઠાવગીરોએ પણ પોતાની કલાનું પ્રદર્શન કરતા અનેક લોકોને શિકાર બનાવ્યા હતા. જો કે આ દંપત્તિનો મોબાઈલ નજીવી કિંમતનો હોઈ તેમણે પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# આજે સીવીલ ડીફેન્સ એકમની માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર નાગરિક સંરક્ષણ એકમ (સીવીલ ડીફેન્સ)ના તમામ વોર્ડન અને પદાધિકારીઓની માસિક બેઠક તા. ૨૮મી ફેબ્રેઆરીના સાંજે ૫.૦૦ સીવીલ ડિફેન્સ કચેરી ખાતે રાખવામાં આવેલ છે. ચીફ વોર્ડનશ્રી જણાવેલ છે.



મહાશિવરાત્રી નિમિત્તે ગરીબો અને વંચિતોને ભોજન પિરસાયું હતું. ભગવાન સદાશિવ એટલે કલ્યાણના દેવ. જેમના જીવનમાં વંચિતો અને પિડીતોને સેવા ફલિત થાય છે. એવા દેવની મહાશિવરાત્રીએ સેક્ટર-૨૪ ના ઈન્દિરાનગરમાં ભાવિકો દ્વારા ઝૂંપડાવાસીઓના બાળકોને ભોજન અપાયું તથા ભાગનો પ્રસાદ વિતરણ કરાયો હતો. (તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪
સૂર્યાસ્ત : ૬.૪૧

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૧૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦, ૮.૪૦
હસી તો ફસી : ૫.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૧૫, ૧૨.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૩૦, ૪.૩૦,૧૦.૩૦
હાઈવે : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
શાદી કે સાઈડ ઈફેકટ : ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
અનુરાધા : ૧૦.૧૫, ૪.૧૫
ગુન્ડે : ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગુન્ડે : ૧૦.૦૦, ૪.૦૦
અનુરાધા : ૧.૦૦, ૧૦.૦૦
હાઈવે : ૭.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તીલાલ અંબાલાલ પટેલ(ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૧૫૪૦/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. તુલસીદાસ નરસિંહભાઈ સાચેલા(ઉ.વ. ૮૪) પ્લોટ નં. ૩૬/૧૪૨, શ્રીનગર સોસાયટી, સેક્ટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ફુલીબેન વરસંઘજી ચાવડા(ઉ.વ. ૭૫) મુ. આદિવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રેવાબેન ધનાભાઈ નાયી(ઉ.વ. ૮૫) બ્લોક નં. ૩૮૩/૪, જ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. મનહરબેન નટવરલાલ પંડ્યા(ઉ.વ. ૯૧) પ્લોટ નં. ૧૯૫/૨, સેક્ટર-૩-ન્યૂ, ગાંધીનગર.